**CSP-2**

**PROVISIONAL ANSWER KEY**

| | |
|---|---|
| **Name Of The Post** | **Gujarat Administrative Service, Class-1, Gujarat Civil Services, Class-1 and Class-2 and Gujarat Municipal Chief Officer Service, Class-2** |
| **Advertisement No** | **40/2018-19** |
| **Preliminary Test Held On** | **21-10-2018** |
| **Que. No.** | **001-200** |
| **Publish Date** | **23-10-2018** |
| **Last Date To Send Suggestion (S)** | **01-11 -2018** |

# Note:-

**(1) All Suggestions are to be sent with reference to website published Question paper with Provisional Answer Key Only.**

**(2) All Suggestions are to be sent in the given format only.**

**(3) Candidate must ensure the above compliance.**

(૧) ઉમેદવારે વાંધા-સૂચનો રજૂ કરવા વેબસાઇટ પર પ્રસિધ્ધ થયેલ નિયત નમૂનાનો (https://gpsc.gujarat.gov.in/Archieved/pdf/Suggestion-of-Candidate-for-Provisional-Key-24-12-16.pdf) ઉપયોગ કરવો.

(૨) ઉમેદવારોએ પોતાને પરીક્ષામાં મળેલ સીરીઝની પ્રશ્નપુસ્તિકામાં છપાયેલ પ્રશ્ન ક્રમાંક મુજબ વાંધા-સૂચનો રજૂ ન કરતા તમામ વાંધા-સૂચનો વેબસાઇટ પર પ્રસિધ્ધ થયેલ પ્રોવિઝનલ આન્સર કીના પ્રશ્ન ક્રમાંક મુજબ અને તે સંદર્ભમાં રજૂ કરવા

(3) ઉમેદવારોએ ઉક્ત સૂચનાનું અચૂક પાલન કરવું અન્યથા વાંધા-સૂચનો અંગે કરેલ રજૂઆતો ધ્યાને લેવાશે નહી.

**M**

1. ૨૦૧૬-૧૭ની તુલનામાં ૨૦૧૭-૧૮માં ભારતીય અર્થતંત્રની વૃધ્ધિ સંદર્ભે નીચે આપેલાં વિધાનોમાંથી કયું વિધાન ખરું છે?
   (A) ભારતીય અર્થતંત્રની વૃધ્ધિ વેગવંતી બની રહી હતી જ્યારે વૈશ્વિક અર્થતંત્રમાં ઘટાડો થઈ રહ્યો હતો.
   (B) ભારતીય અર્થતંત્રની વૃધ્ધિમાં ઘટાડો થઈ રહ્યો હતો જ્યારે વૈશ્વિક અર્થતંત્ર વેગવાન થઈ રહ્યું હતું.
   (C) ભારતીય અર્થતંત્ર અને વૈશ્વિક અર્થતંત્ર બંનેની વૃધ્ધિ વેગવંતી બની રહી હતી.
   (D) ભારતીય અર્થતંત્ર અને વૈશ્વિક અર્થતંત્ર બંનેની વૃધ્ધિમાં ઘટાડો થઈ રહ્યો હતો.

2. તાજેતરમાં ફાઇનેન્શિઅલ એક્શન ટાસ્ક ફોર્સ (FATF) એ નીચેના પૈકી કયા દેશને ગ્રે સૂચિ (Grey List)માં મૂકવાનો નિર્ણય લીધો છે?
   (A) પાકિસ્તાન (B) સિરીયા
   (C) તુર્કી (D) રશિયા

3. કેન્દ્રીય વિદ્યુત પ્રાધિકરણ મુજબ વર્ષ ૨૦૧૬-૧૭માં ભારત ............................
   (A) વિદ્યુતનું ચોખ્ખું નિકાસકાર થયું છે.
   (B) વિદ્યુતનું ચોખ્ખું આયાતકાર થયું છે.
   (C) ન તો વિદ્યુતનું નિકાસકાર થયું છે ન તો આયાતકાર થયું છે.
   (D) કોઈ સીમાપાર વૈશ્વિક વિદ્યુત વેપાર પ્રવૃત્તિમાં નથી.

4. બહુઆયામી ગરીબી સૂચકાંક (એમ.પી.આઈ.) ગણનમાં નીચે આપેલાં સૂચકોમાંથી કયાં સૂચકને પણ ઉપયોગમાં લેવાયું છે?
   (A) વીજળીની સુવિધા (B) ટેલિફોનની સુવિધા
   (C) માતૃ-મૃત્યુ દર (D) ઉચ્ચશિક્ષણની સુવિધા

5. કેન્દ્રીય મંત્રીએ અંદાજપત્ર ૨૦૧૮માં નવા સુધારેલા DIPAM વિભાગની વાત કરી, તે ................. સંબંધિત છે.
   (A) રોકાણ અને જાહેર મિલ્કત વ્યવસ્થાપન
   (B) ઉદ્યોગ અને નફા વ્યવસ્થાપન
   (C) ઔદ્યોગિક ઉત્પાદકતા અને યાંત્રિક વિકાસ
   (D) આવો કોઈ વિભાગ નથી

6. માનવ વિકાસ સૂચકાંકમાં સ્વાસ્થ્યનાં આયામનું મૂલ્યાંકન ................... દ્વારા થાય છે.
   (A) બાળમૃત્યુ દર (B) અપેક્ષિત આયુષ્ય દર
   (C) મૃત્યુ દર (D) ઉપરના પૈકી કોઈ નહીં

7. વિશ્વ બેન્કની સલાહ મુજબ ભારત સરકાર દ્વારા નીચેના પૈકી કયા શરૂ કરવામાં આવ્યા?
   1. નવીન કૃષિ વ્યૂહરચના 2. ભારતીય ખાદ્ય નિગમ
   3. જાહેર વિતરણ વ્યવસ્થા 4. કૃષિ કિંમત આયોગ
   (A) ફક્ત ૧અને ૨ (B) ફક્ત ૨, ૩ અને ૪
   (C) ફક્ત ૧ અને ૪ (D) ૧, ૨, ૩ અને ૪

8. નીચે આપેલાં વિધાનોમાંથી કયાં વિધાનો ખરાં છે?
   ૧. NHB આવાસ ભારતનો 2007 ૭માં શરૂ કરવામાં આવેલો પ્રથમ સત્તાવાર આવાસ કિંમત સૂચકાંક છે.
   ૨. આરંભથી જ અમદાવાદે તેની સૂચકાંક કિંમતમાં એકધારો વધારો દર્શાવ્યો છે.
   3. ગણત્રી ચાર ત્રિમાસિક ખસતી સરાસરી (moving average) પર આધારિત છે અને સૂચકાંક રાષ્ટ્રીય આવાસ બેંકની પહેલ છે.
   (A) ફક્ત ૨ અને ૩ (B) ફક્ત ૧ અને ૩ (C) ફક્ત ૧ અને ૨ (D) ૧, ૨ અને ૩

1. Which of the following statements is correct with reference to the economic growth of Indian Economy in 2017-18 as compared to 2016-17?
   (A) Growth of Indian Economy was accelerating while that of world economy was decelerating.
   (B) Growth of Indian economy was decelerating while that of world economy was accelerating.
   (C) Growth of both Indian and world economy was accelerating.
   (D) Growth of both Indian and world economy was decelerating.

2. Financial Action Task Force (FATF) has recently decided to put up which of the following countries under its *Grey List*?
   (A) Pakistan (B) Syria (C) Turkey (D) Russia

3. India has become a .............................. as per *Central Electricity Authority* during the year 2016-17.
   (A) Net Exporter of Power
   (B) Net Importer of Power
   (C) Is neither an exporter nor importer of power
   (D) There is no cross border trade of power in the world

4. Which of the following indicators is also used while calculating *Multidimensional Poverty Index*?
   (A) Access to Electricity (B) Access to Telephone
   (C) Maternal Mortality Rate (D) Access to Higher Education

5. Union minister talked about newly revamped department DIPAM in the budget of 2018. It is related to ...................................
   (A) Investment and Public Asset Management
   (B) Industry and Profit Management
   (C) Industrial Productivity and Mechanical Development
   (D) There is no such Department.

6. The Health Dimension in Human Development Index is assessed by ..........................
   (A) Infant Mortality Rate (B) Life Expectancy Rate
   (C) Death Rate (D) None of the above

7. Which of the following were launched by the Government of India following the advice of the World Bank?
   1. New Agricultural Strategy
   2. Food Corporation of India
   3. Public Distribution System
   4. Agricultural Prices Commission
   (A) Only 1 and 2 (B) Only 2, 3 and 4 (C) Only 1 and 4 (D) 1, 2, 3 and 4

8. Which of the following statements are correct?
   1. NHB Residex is India's first official Housing Price Index launched in 2007.
   2. Ahmedabad has shown a consistent rise in its index value since the launch.
   3. The calculation is based on four quarter moving average and the index is an initiative of National Housing Bank.
   (A) Only 2 and 3 (B) Only 1 and 3 (C) Only 1 and 2 (D) 1, 2 and 3

9. નીચેના પૈકી કોના દ્વારા કૃષિ ક્રય-વિક્રય અને કૃષક ઉપયોગી સુધાર સૂચકાંક (Agricultural Marketing and Farmer Friendly Reforms Index)ની શરૂઆત કરવામાં આવી છે?
   ૧. કૃષિ અને કિસાન કલ્યાણ મંત્રાલય
   ૨. ધ નેશ્નલ ઇન્સ્ટિટ્યૂટ ફૉર ટ્રાન્સફૉર્મિંગ ઇંડિયા (NITI Aayog)
   ૩. નેશ્નલ બેંક ફૉર એગ્રિકલ્ચર ઍન્ડ રૂરલ ડેવલપમેન્ટ (NABARD)
   (A) ફક્ત ૨ (B) ફક્ત ૨ અને ૩
   (C) ફક્ત ૩ (D) ફક્ત ૧ અને ૩

10. નાણાકીય શાણપણ અને સુદૃઢતા ક્ષેત્રે નીચેના પૈકી તાજેતરના વિકાસને સૂચવતાં વિધાનો ઓળખો.
   ૧. 'મુદ્રિકૃત ખાધ' (Monetized Deficit) અને 'પ્રાથમિક ખાધ' (Primary Deficit)ના જોડીયા ખ્યાલોને તૈયાર કરવા
   ૨. 'રાજકોષીય ખાધ' (Fiscal Deficit)ને પુનઃ વ્યાખ્યાયિત કરવી
   ૩. વિકાસલક્ષી અને બિનવિકાસલક્ષી ખર્ચના વર્ગીકરણની શ્રેણિઓને નાબૂદ કરવી
   (A) ફક્ત ૧ અને ૨ (B) ફક્ત ૨ અને ૩ (C) ફક્ત ૧ અને ૩ (D) ૧, ૨ અને ૩

11. કુલ રાષ્ટ્રીય ઉત્પાદન (GNP) અને ચોખ્ખું રાષ્ટ્રીય ઉત્પાદન (NNP) વચ્ચેનો તફાવત .............. બરાબર છે.
   (A) ટકાઉ માલ પરના ઉપભોક્તા ખર્ચ (B) પ્રત્યક્ષ કર આવક
   (C) પરોક્ષ કર આવક (D) મૂડી અવમૂલ્યન

12. કેન્દ્રીય અંદાજપત્ર સંદર્ભે નીચેના પૈકી કયું(કયાં) બિન-આયોજિત ખર્ચ (non-plan expenditure) હેઠળ આવરી લેવાય છે?
   ૧. સંરક્ષણ ખર્ચ
   ૨. વ્યાજ ચૂકવણી
   ૩. વેતન અને પેન્શન
   (A) ફક્ત ૧ (B) ફક્ત ૨ અને ૩
   (C) ૧, ૨ અને ૩ (D) ફક્ત ૧ અને ૩

13. કેન્દ્રીય અંદાજપત્ર ૨૦૧૮-૧૯માં નીચેના પૈકી કયા ઉપકર નાબૂદ કરી સમાજ કલ્યાણ અધિશુલ્ક (Social Welfare Surcharge) લાદવાનો પ્રસ્તાવ છે?
   ૧. શિક્ષણ ઉપકર ૨. કોલસા ઉપકર
   ૩. સ્વચ્છ ભારત ઉપકર ૪. માધ્યમિક અને ઉચ્ચતર શિક્ષણ ઉપકર
   (A) ફક્ત ૨ અને ૩ (B) ફક્ત ૧ અને ૨
   (C) ફક્ત ૧ અને ૪ (D) ૧, ૨, ૩ અને ૪

14. ભારતના થોક મૂલ્ય સૂચકાંક (WPI) સંદર્ભે નીચે આપેલાં વિધાનોમાંથી કયું(યાં) વિધાન(નો) ખરું(રાં) છે?
   ૧. WPIનું આધારવર્ષ ૨૦૦૪-૦૫થી સુધારી ૨૦૧૧-૧૨ કરવામાં આવ્યું છે.
   ૨. સુધારેલી સેવાઓમાં WPI બે મુખ્ય જૂથો, પ્રાથમિક વસ્તુઓ અને ઉત્પાદિત વસ્તુઓનો સમાવેશ જારી રાખશે.
   ૩. વિત્ત નીતિ (fiscal policy)ની અસર દૂર કરવા માટે, WPIની નવી શ્રેણિમાં સંકલન માટે વપરાતા ભાવમાં અપ્રત્યક્ષ કરનો સમાવેશ કરવામાં આવ્યો નથી.
   (A) ફક્ત ૧ (B) ફક્ત ૧ અને ૩ (C) ફક્ત ૨ અને ૩ (D) ૧, ૨ અને ૩

15. ભારતમાં ગરીબીના અંદાજે બાબતે નીચે આપેલાં વિધાનોમાંથી કયાં વિધાનો ખરાં નથી?
   ૧. ભારતમાં ગરીબી રેખા આવક આધારિત છે.
   ૨. ગરીબી રેખા મૂળરૂપે ૧૯૭૮માં આવક|અન્ન જરૂરિયાતોને આધારે નિર્ધારિત કરવામાં આવી હતી.
   ૩. ઈ.સ. ૧૯૮૦માં ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં વ્યક્તિઓના કેલરી ધોરણોને આધારિત હતી અને ગરીબી રેખા સમકક્ષ આહાર મેળવવાની કિંમત કેલરી તરીકે નિયત કરવામાં આવી હતી.
   (A) ફક્ત ૧ અને ૨ (B) ફક્ત ૨ અને ૩ (C) ફક્ત ૧ અને ૩ (D) ૧, ૨ અને ૩

9. Which of the following has/have launched *Agricultural Marketing and Farm Friendly Reforms Index*?
   1. Ministry of Agriculture and Farmers' Welfare
   2. The National Institution for Transforming India (NITI Aayog)
   3. National Bank for Agriculture and Rural Development (NABARD)

   (A) Only 2 (B) Only 2 and 3 (C) Only 3 (D) Only 1 and 3

10. Identify recent developments in the area of fiscal prudence and consolidation from the following options:
    1. Devising the twin concepts of 'Monetized Deficit' and 'Primary Deficit'
    2. Redefining the Idea of 'Fiscal Deficit'
    3. Abolishing the classification of development and non-development categories of expenditures

    (A) Only 1 and 2 (B) Only 2 and 3 (C) Only 1 and 3 (D) 1, 2 and 3

11. The difference between the Gross National Product (GNP) and Net National Product (NNP) is equal to the …………………
    (A) Consumer Expenditure on Durable Goods
    (B) Direct Tax Revenue
    (C) Indirect Tax Revenue
    (D) Capital Depreciation

12. Which of the following is (are) covered under non-Plan expenditure with reference to Union Budget?
    1. Defence Expenditure
    2. Interest Payments
    3. Salaries and Pensions

    (A) Only 1 (B) Only 2 and 3 (C) 1, 2 and 3 (D) Only 1 and 3

13. It is proposed to impose a Social Welfare Surcharge by abolishing which of the following Cess as per the Union Budget 2018-19?
    1. Education Cess
    2. Coal Cess
    3. Swachh Bharat Cess
    4. Secondary and Higher Education Cess

    (A) Only 2 and 3 (B) Only 1 and 2 (C) Only 1 and 4 (D) 1, 2, 3 and 4

14. Which of the following statement(s) is(are) correct with reference to India's Wholesale Price Index (WPI)?
    1. The base year of WPI has been revised from 2004-05 to 2011-12.
    2. In the revised services, WPI will continue to constitute two major groups namely primary articles and manufactured products.
    3. Prices used for compilation don't include indirect taxes in order to remove impact of fiscal policy in the new series of WPI.

    (A) Only 1 (B) Only 1 and 3 (C) Only 2 and 3 (D) 1, 2 and 3

15. Which of the following statements are incorrect regarding the estimation of poverty in India?
    1. The poverty line in India is income based.
    2. The poverty line was originally fixed in terms of Income|food requirements in 1978.
    3. Food requirements were based on calories standards for individuals in rural and urban areas in 1980 and the cost of procuring the food grains equivalent to calories was fixed as the poverty line.

    (A) Only 1 and 2 (B) Only 2 and 3 (C) Only 1 and 3 (D) 1, 2 and 3

16. આર્થિક સર્વેક્ષણ ૨૦૧૭-૧૮ અનુસાર નીચે આપેલાં કયું(યાં) પરિબળ(ળો) ભારતીય અર્થતંત્રના વિકાસ માટે મહત્વપૂર્ણ છે?
   ૧. સમાવર્તી રોજગારી સઘન ઉદ્યોગને પ્રોત્સાહન
   ૨. સ્થિતિસ્થાપક આંતરમાળખાનું નિર્માણ
   3. UNOના ટકાઉ લક્ષ્યાંકોને પ્રોત્સાહન
   (A) ફક્ત ૧ (B) ફક્ત ૧ અને ૨ (C) ફક્ત 3 (D) ૧, ૨ અને 3

17. નીચે આપેલાં વિધાનોમાંથી કયું(યાં) વિધાન(નો) ખરું(રાં) છે?
   ૧. વ્યાજ સહાય યોજના (ISS) હેઠળ ખેડૂતોને કૃષિ માટે ફક્ત ૭% વાર્ષિક વ્યાજે રૂ. 3 લાખ સુધીનું એક વર્ષમાં પરત ભરપાઈ કરવા પાત્ર ધિરાણ મેળવી શકે છે.
   ૨. એક વર્ષમાં ત્વરિત સમયસર ધિરાણનું પરત ભરણું કરવા માટે ISS વધારાની 3%ની સહાય પૂરી પાડે છે.
   3. જાહેર ક્ષેત્રની બેંકો, ખાનગી ક્ષેત્રની બેંકો, સહકારી બેંકો, પ્રાદેશિક ગ્રામીણ બેંકોને પુનર્ધિરાણ માટે કેન્દ્ર સરકાર દ્વારા NABARDને ISS આપવામાં આવે છે.
   (A) ફક્ત ૧ અને 3 (B) ફક્ત 3 (C) ફક્ત ૧ અને ૨ (D) ૧, ૨ અને 3

18. નીચે આપેલાં વિધાનોમાંથી કયું(યાં) વિધાન(નો) ખરું(રાં) છે?
   ૧. વિશ્વવ્યાપક મૂળભૂત આવક (યુનિવર્સલ બેઝીક ઈનકમ - UBI) કલ્યાણ યોજના છે જેમાં બધા નાગરિકોને સરકાર તરફથી નાણાંની બિનશરતી રકમ મળે છે.
   ૨. નાણાકીય સમાવેશ, ભારતમાં UBIની સફળતા માટે નિર્ણાયક છે.
   (A) ફક્ત ૧ (B) ફક્ત ૨
   (C) બંને ૧ અને ૨ (D) ઉપરનાં પૈકી કોઈ નહીં

19. સંતુલિત અંદાજપત્ર એટલે શૂન્ય .......................... સાથેનું અંદાજપત્ર.
   ૧. મુદ્રીકૃત ખાધ (Monetized Deficit) ૨. રાજવિત્તીય ખાધ (Fiscal Deficit)
   3. મહેસૂલ ખાધ (Revenue Deficit) ૪. પ્રાથમિક ખાધ (Primary Deficit)
   (A) ફક્ત ૧ (B) ફક્ત ૨ (C) ફક્ત 3 (D) ફક્ત ૧ અને ૪

20. 'મહાલનોબિસ અંતર'નો ખ્યાલ .............................. માટે વિકસાવવામાં આવ્યો હતો.
   (A) વિસ્તારની ઉત્પાદન ક્ષમતા અને અપેક્ષિત ઉપજની ધારણા કરવા
   (B) ઔદ્યોગિક ઉત્પાદનના અંદાજ મેળવવા
   (C) પંચવર્ષીય યોજનાના ધ્યેયનો અંદાજ મેળવવા
   (D) અર્થતંત્રની વૃધ્ધિના દરનો અંદાજ મેળવવા

21. ૨૦૧૨-૧૩ અને ૨૦૧૫-૧૬ વચ્ચે અને ફરીથી ૨૦૧૬-૧૭માં વૃધ્ધિનું મુખ્ય ચાલકબળ .......... રહ્યું છે.
   (A) ખાનગી રોકાણ ખર્ચ (B) ઉપભોગતા ખર્ચ (C) નિકાસ વૃધ્ધિ (D) કર આવક

22. ભારતમાં સરકારી હૂંડી (ટ્રેઝરી બિલ) સંદર્ભે નીચે આપેલાં વિધાનોમાંથી કયાં ખરાં છે?
   ૧. તે ભારત સરકાર દ્વારા બહાર પાડવામાં આવે છે.
   ૨. તે ભારતીય રિઝર્વ બેંક દ્વારા બહાર પાડવામાં આવે છે.
   3. ખાનગી ક્ષેત્ર માટે ટૂંકા ગાળાનાં ભંડોળ ઊભાં કરવા માટે બહાર પાડવામાં આવે છે.
   ૪. ભારતીય સરકાર માટે ટૂંકા ગાળાના ભંડોળ ઊભા કરવા માટે બહાર પાડવામાં આવે છે.
   (A) ફક્ત ૧ અને 3 (B) ફક્ત ૨ અને 3 (C) ફક્ત ૧ અને ૪ (D) ફક્ત ૨ અને ૪

23. નેશ્નલ મિશન ફોર ગ્રીન ઈન્ડિયા (GIM)નો મુખ્ય ઉદ્દેશ ................... છે.
   (A) ભારતના ઘટતા જતાં જંગલ આવરણનું રક્ષણ, પુનઃસ્થાપન કરવું અને વધારો કરવો અને આબોહવા પરિવર્તન પ્રતિક્રિયા આપવી
   (B) ભારતના સૌથી વધુ ૧૦ પ્રદૂષિત શહેરોમાં પ્રદૂષણ ઘટાડવું
   (C) ઊર્જાના બિન વ્યાપારી સ્તોત્રનો ઉપયોગ વધારવો
   (D) ઊર્જાના વૈકલ્પિક સ્રોતના ઉપયોગને ઉત્તેજન આપવું

16. According to the Economic Survey 2017-18, which of the following is(are) the vital factor(s) for economic development of India?
    1. Promoting inclusive employment-intensive industry
    2. Building resilient infrastructure
    3. Promoting sustainable development goals of UNO

    (A) Only 1 (B) Only 1 and 2 (C) Only 3 (D) 1, 2 and 3

17. Which of the following statement(s) is(are) correct?
    1. Under the Interest Subvention Scheme (ISS), farmers can avail of short-term crop loans up to Rs 3 Lakhs payable within one year at only 7% per annum.
    2. The ISS also provides for an additional subvention of 3% for prompt repayment within a year.
    3. The ISS is given by Central Government to NABARD for refinance to public sector banks, private sector banks, cooperative banks and regional rural banks.

    (A) Only 1 and 3 (B) Only 3 (C) Only 1 and 2 (D) 1, 2 and 3

18. Which of the following statement(s) is(are) correct?
    1. Universal Basic Income (UBI) is a welfare programme in which all citizens receive an unconditional sum of money from the government.
    2. Financial inclusion is crucial for the success of UBI in India.

    (A) Only 1 (B) Only 2 (C) Both 1 and 2 (D) Neither 1 nor 2

19. Balanced Budget means a budget with zero ..............................
    1. Monetized Deficit 2. Fiscal Deficit 3. Revenue Deficit 4. Primary Deficit

    (A) Only 1 (B) Only 2 (C) Only 3 (D) Only 1 and 4

20. The concept of 'Mahalnobis Distance' was developed to ..............................
    (A) Guess the production capacity of an area and expected yield
    (B) Estimate the industrial production
    (C) Estimate the five-year Plan target
    (D) Estimate the rate of growth of an economy

21. The major driver of the GDP growth between 2012-13 and 2015-16 and again in 2016-17 has been ..........................
    (A) Private Investment Expenditure (B) Consumption Expenditure
    (C) Export Growth (D) Tax Revenue

22. Which of the following statement(s) regarding Treasury bill in India is(are) correct?
    1. It is issued by Government of India.
    2. It is issued by Reserve Bank of India.
    3. It is issued to raise short-term funds for private sector.
    4. It is issued to raise short-term funds for Government of India.

    (A) Only 1 and 3 (B) Only 2 and 3 (C) Only 1 and 4 (D) Only 2 and 4

23. The main aim of National Mission for Green India (GIM) is to -
    (A) Protect, restore and enhance India's diminishing forest cover and responding to climate change
    (B) Reduce pollution in 10 most polluted cities of India
    (C) Increase the use of non-commercial sources of energy
    (D) Encourage the use of alternative sources of energy

24. એશિયાનું પ્રથમ EPZ ..........................માં શરૂ કરવામાં આવ્યું.
(A) શાંઘાઈ, ચીન
(B) કંડલા, ભારત
(C) કટુનાયકે, શ્રીલંકા
(D) કરાંચી, પાકિસ્તાન

25. ૨૦૧૬-૧૭ના તત્કાલ અંદાજ પ્રમાણે, ગુજરાતના અર્થતંત્રમાં મહત્તમ ફાળો ..................નો છે.
(A) પ્રાથમિક ક્ષેત્ર (B) તૃતીય ક્ષેત્ર (C) ગૌણ ક્ષેત્ર (D) નિકાસ ક્ષેત્ર

26. નીચે આપેલ કઈ યોજના(ઓ)ને અનુસરીને ગુજરાત સરકાર ૬% સુધીની વ્યાજ સહાય ગ્રામીણ વિસ્તારના ૫૦,૦૦૦ કુશળ અને અર્ધકુશળ કામદારો માટે પૂરી પાડશે?
૧. મુખ્યમંત્રી ગ્રામોદય યોજના
૨. મુખ્યમંત્રી એપ્રેન્ટિશીપ યોજના
3. ધ બાજપાઈ બેન્કેબલ યોજના
૪. માનવ કલ્યાણ યોજના
(A) ફક્ત ૧ અને ૪
(B) ફક્ત ૧
(C) ફક્ત ૪
(D) ફક્ત ૧, ૨ અને ૪

27. મુક્ત વ્યાપાર સંધિ (ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ, FTA) સંદર્ભે નીચે આપેલાં વિધાનોમાંથી કયું(યાં) વિધાન(નો) ખરું(રાં) છે?
૧. FTAs બે કે તેથી વધુ દેશો અથવા વ્યાપાર એકમો વચ્ચેની વ્યવસ્થાઓ જે તેમની વચ્ચેના નોંધપાત્ર વેપાર પર આયાત-જકાત પ્રશુલ્ક અને પ્રશુલ્ક મર્યાદા ઘટાડવા અથવા દૂર કરવા પ્રાથમિક રીતે સહમત થાય છે.
૨. દરેક સભ્ય બિનસભ્ય તરફથી આયાત ઉપરના પ્રશુલ્ક પોતે નક્કી કરે છે.
(A) ફક્ત ૧
(B) ફક્ત ૨
(C) બંને ૧ અને ૨
(D) ઉપરના પૈકી કોઈ નહીં

28. નીચે આપેલાં કારણોમાંથી કયું(યાં) કારણ(ણો) ચક્રીય બેરોજગારી માટે જવાબદાર છે?
1. વ્યવસાયની ચક્રિય પ્રકૃતિ
2. વૈશ્વિક બજારમાં મંદી
3. લોકો એક નોકરીથી બીજી નોકરી બદલતા રહે છે
4. બેરોજગાર વ્યક્તિનાં કૌશલ્ય અને ઉપલબ્ધ નોકરી વચ્ચે મેળ ન હોવો
(A) ફક્ત ૧ અને ૨ (B) ફક્ત 3 (C) ફક્ત ૨ અને 3 (D) ફક્ત ૧ અને ૪

29. વાઈબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૧૯ ની મુખ્ય વિષયવસ્તુ શું છે?
(A) ટકાઉ આર્થિક અને સામાજિક વિકાસ
(B) ગુજરાતનું વૈશ્વિકીકરણ
(C) ગુજરાત : વૈશ્વિક વ્યાપારનું કેન્દ્ર
(D) નવ-ભારતનું નિર્માણ

30. તાજેતરમાં નીચેનાં પૈકી કયાં ક્ષેત્રને સરકાર દ્વારા આંતરમાળખાનો દરજ્જો આપવામાં આવ્યો છે?
(A) પરિવહન
(B) પ્રચાલન-તંત્ર (Logistics Sector)
(C) આરોગ્ય
(D) ઉપરના પૈકી કોઈ નહીં 3૧.

31. જેન્ડર ડેવલોપમેન્ટ ઇન્ડેક્ષ (GDI) સંદર્ભે નીચે આપેલાં વિધાનોમાંથી કયું(યાં) વિધાન(નો) ખરું(રાં) છે?
૧. સૂચકાંક માનવ વિકાસની સિધ્ધિઓમાં જાતિભેદની માપણી કરે છે.
૨. તે સ્ત્રી અને પુરૂષના વચ્ચેની અસમાનતાઓ મૂળભૂત ત્રણ મુખ્ય પરિમાણો – સ્વાસ્થ્ય, જ્ઞાન અને જીવનધોરણનું વૃત્તાંત છે.
3. તે વિશ્વ આર્થિક મંચ (વર્લ્ડ ઇકોનોમિક ફોરમ) દ્વારા બહાર પાડવામાં આવે છે.
(A) ફક્ત ૧ અને ૨ (B) ફક્ત ૨ (C) ફક્ત ૧ અને 3 (D) ૧, ૨ અને 3

32. ભારતમાં વર્ષ ૨૦૦૦માં શરૂ થયેલ રાષ્ટ્રીય જનસંખ્યા નીતિ સંદર્ભે નીચે આપેલાં વિધાનોમાંથી કયાં વિધાનો ખરાં છે?
૧. તાત્કાલિક ઉદ્દેશ ગર્ભનિરોધક, આરોગ્ય આંતરમાળખું, આરોગ્યકર્મીઓની જરૂરિયાતોને પહોંચી વળવાનો અને મૂળભૂત પ્રજનન તેમ જ બાળઆરોગ્ય સંભાળ માટેની સંકલિત સેવાઓ પૂરી પાડવાનો હતો.
૨. મધ્યમ ગાળાનો ઉદ્દેશ ૨૦૧૦ સુધીમાં કુલ પ્રજનન ક્ષમતાનો દર પ્રતિસ્થાપન સ્તરે ઘટાડવાનો હતો.
3. લાંબા ગાળાનો ઉદ્દેશ ૨૦૪૫ સુધીમાં સ્થાયી જનસંખ્યા પ્રાપ્ત કરવાનો હતો.
(A) ફક્ત ૧ અને ૨ (B) ફક્ત ૨ અને 3 (C) ફક્ત ૧ અને 3 (D) ૧, ૨ અને 3

24. Asia's first EPZ was set up in______________.
    (A) Shanghai, China (B) Kandla, India
    (C) Katunayake, Sri Lanka (D) Karachi, Pakistan

25. According to the quick estimates of 2016-17, the highest share in the State economy of Gujarat is of ………………………..
    (A) Primary Sector (B) Tertiary Sector (C) Secondary Sector (D) Export Sector

26. According to which of the following scheme(s) Government of Gujarat will provide interest subvention upto 6% to train 50,000 skilled and semi-skilled workers in rural areas?
    1. Mukhyamantri Gramoday Yojana
    2. Mukhyamantri Apprenticeship Yojana
    3. The Bajpai Bankable Scheme
    4. Manav Kalyan Yojana
    (A) Only 1 and 4 (B) Only 1 (C) Only 4 (D) Only 1, 2 and 4

27. Which of the following statement(s) is(are) correct with reference to free trade agreement (FTA)?
    1. FTAs are arrangements between two or more countries or trading blocs that primarily agree to reduce or eliminate customs tariff and no tariff barriers on substantial trade between them.
    2. Each member sets its own tariffs on imports from non-member.
    (A) Only 1 (B) Only 2 (C) Both 1 and 2 (D) Neither 1 nor 2

28. Which of the following statement(s) is (are) correct with reference to the reason(s) for Cyclical Unemployment?
    1. Cyclical nature of business
    2. Recession in global market
    3. People keep changing from one job to another
    4. Mismatch between the jobs available and the skill levels of the unemployed
    (A) Only 1 and 2 (B) Only 3 (C) Only 2 and 3 (D) Only 1 and 4

29. What is the main theme of *Vibrant Gujarat Global Summit 2019*?
    (A) Sustainable Economic and Social Development (B) Gujarat Going Global
    (C) Gujarat : Global Business Hub (D) Shaping of a new India

30. Recently which of the following sectors has been granted infrastructure status by the Government?
    (A) Transport (B) Logistics Sector (C) Health (D) None of the above

31. Which of the following statement(s) is(are) correct with reference to Gender Development Index?
    1. The index measures gender gaps in human development achievements
    2. It accounts for disparities between women and men in three basic dimensions of human development – health, knowledge and living standards
    3. It is released by World Economic Forum
    (A) Only 1 and 2 (B) Only 2 (C) Only 1 and 3 (D) 1, 2 and 3

32. Which of the following statements are correct with reference to the National Population Policy introduced in India in the year 2000?
    1. The immediate objective was to meet needs of contraception, health infrastructure, health personnel and to provide integrated services for basic reproductive and child health care.
    2. The medium term objective was to lower down the total fertility rates to the replacement level by 2010.
    3. The long term objective was to achieve a stable population by 2045.
    (A) Only 1 and 2 (B) Only 2 and 3 (C) Only 1 and 3 (D) 1, 2 and 3

33. નીચેનું પૈકી કયું દૂરદર્શિતા દસ્તાવેજ (Vision Document) ગુજરાત સરકારનું BIG ૨૦૨૦ દર્શાવે છે?
   (A) બલ્યુ પ્રિન્ટ ફોર ઇન્ક્યુબેશન ઈન ગુજરાત ૨૦૨૦
   (B) બલ્યુ પ્રિન્ટ ફોર ઈન્ફ્રાસ્ટ્રકચર ઈન ગુજરાત ૨૦૨૦
   (C) બલ્યુ પ્રિન્ટ ફોર ઈન્ડસ્ટ્રીઝ ઈન ગુજરાત ૨૦૨૦
   (D) બલ્યુ પ્રિન્ટ ફોર ઈન્ફોરમેશન ઈન ગુજરાત ૨૦૨૦

34. નીચે આપેલાં વિધાનોમાંથી કયું(યાં) વિધાન(નો) ખરું(રાં) છે?
   ૧. ખાસ શ્રેણિનાં રાજ્યો સર્વસામાન્ય લાક્ષણિકતાઓ જેવી કે ખાસ સામાજિક, આર્થિક અથવા ભૌગોલિક સમસ્યાઓ, ઊંચી ઉત્પાદન કિંમત વગેરે ધરાવે છે.
   ૨. આવાં રાજ્યો માટે ખાસ પ્રોત્સાહન પેકેજો વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા અમલમાં મૂકવામાં આવ્યાં છે.
   3. આ શ્રેણિમાં હિમાચલ પ્રદેશ, ઓરિસ્સા અને ઉત્તર પૂર્વી રાજ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે.
   (A) ફક્ત ૧ અને ૨ (B) ફક્ત ૨ અને 3 (C) ફક્ત ૧ (D) ૧, ૨ અને 3

35. ગુજરાતના સામાજિક-આર્થિક સર્વેક્ષણ (૨૦૧૭-૧૮)ના સંદર્ભે નીચે આપેલાં વિધાનોમાંથી કયું(યાં) વિધાન(નો) ખરું(રાં) છે?
   ૧. ગુજરાત દેશમાં દૂધનો ત્રીજા ક્રમનો સૌથી મોટો ઉત્પાદક છે.
   ૨. ગુજરાત ભારતમાં કપાસ, મગફળી, ગરમ મસાલા અને મસાલાનો બીજા ક્રમનો સૌથી મોટો ઉત્પાદક છે.
   3. ભારતનાં રાજ્યોમાં ગુજરાતનો બેરોજગારીનો દર ઊંચો છે.
   (A) ફક્ત ૧ (B) ફક્ત ૨ (C) ફક્ત ૧ અને ૨ (D) ફક્ત ૨ અને 3

36. ગુજરાત સરકારે વિવિધ પ્રકારની વિપદાઓને ઘટાડવા કેટલાંક પગલાં લીધાં છે, તે સંદર્ભે નીચે આપેલાં વિધાનોમાંથી કયું(યાં) વિધાન(નો) ખરું(રાં) છે?
   ૧. 'આપદમિત્ર' આપત્તિ દરમિયાન મૂળભૂત શોધ અને બચાવ કામગીરી માટે સમાજના સ્વયંસેવકોની તાલીમનો સમાવેશ કરે છે.
   ૨. રાષ્ટ્રીય ચક્રવાત શમન યોજના અંતર્ગત આઈ. એમ. એફ. અને જાપાન સાથે મળી ૧૦૦ બહુહેતુક ચક્રવાત રક્ષણ આશ્રયસ્થાનોનું નિર્માણ કરશે.
   3. પાંચ આપત્તિકાળ પ્રતિસાદ કેન્દ્રોની રાજકોટ, સુરત, વડોદરા, ગાંધીધામ અને ગાંધીનગર ખાતે સ્થાપના કરવામાં આવશે.
   (A) ફક્ત ૧ અને ૨ (B) ફક્ત ૨ અને 3 (C) ફક્ત ૧ અને 3 (D) ૧, ૨ અને 3

37. ભારતમાં તરલતા અનુકૂલન સુવિધા કોરીડોર (Liquidity Adjustment Facility Corridor) એટલે શું?
   (A) CRR અને SLR વચ્ચેનો તફાવત
   (B) બેંક દર અને પુનઃખરીદ દર વચ્ચેનો તફાવત
   (C) પુનઃ ખરીદી દર (Repo Rate) અને ઉલટ પુનઃ ખરીદી દર (Reverse Repo Rate) વચ્ચેનો તફાવત
   (D) બેંક દર (Bank rate) અને માંગ મુદ્રા બજાર દર (Call Money Market Rate) વચ્ચેનો તફાવત

38. નીચેનાં પૈકી કયાં આર્થિક વિકાસનાં સાચાં સૂચકો છે?
   ૧. વાસ્તવિક કુલ સ્થાનિક ઉત્પાદન (Real Gross Domestic Product)
   ૨. વાસ્તવિક માથાદીઠ આવક (Real per Capita Income)
   3. બેરોજગારી
   ૪. ગરીબી
   ૫. માનવ વિકાસ સૂચકાંક (Human Development Index)
   (A) ફક્ત ૧, ૨ અને 3 (B) ફક્ત ૨, ૪ અને ૫
   (C) ફક્ત ૧, ૨ અને ૫ (D) ફક્ત 3 અને ૪

39. આપેલા કોઈપણ સમયગાળા દરમિયાન એક દેશ અને બાકીના વિશ્વ વચ્ચેના તમામ આર્થિક વ્યવહારનો સમાવેશ કરતું સરવૈયું રાખવા માટેની બેવડી નોંધવહીને ................. કહેવાય છે.
   (A) વેપારની ખાધ (B) વેપારની શરતો
   (C) વેપારનું સંતુલન (D) બાકી રહેલાં લેણાંઓ

33. Which of the following Vision Documents represents BIG 2020 of Government of Gujarat?
    (A) Blueprint for incubation in Gujarat 2020
    (B) Blueprint for infrastructure in Gujarat 2020
    (C) Blueprint for Industries in Gujarat 2020
    (D) Blueprint for information in Gujarat 2020

34. Which of the following statement(s) is(are) correct?
    1. Special category States have some common characteristics like having special socio- economic or geographical problems, high cost of production, etc.
    2. The special incentives packages for such States are also implemented by Ministry of Commerce and Industry.
    3. Himachal Pradesh, Odisha, the North Eastern States are included in this category.
    (A) Only 1 and 2 (B) Only 2 and 3 (C) Only 1 (D) 1, 2 and 3

35. Which of the following statement(s) is(are) correct with reference to the Socio-Economic Survey of Gujarat (2017-18)?
    1. Gujarat is the 3rd largest producer of milk in the country.
    2. Gujarat is the 2nd largest producer of cotton, groundnut and condiments and spices in India.
    3. Gujarat has higher unemployment rate among the States of India.
    (A) Only 1 (B) Only 2 (C) Only 1 and 2 (D) Only 2 and 3

36. Which of the following statements are correct with reference to the certain steps taken by the Government of Gujarat to mitigate different kinds of risks in the state?
    1. 'Apadamitra' involves training of community volunteers in conducting basic search and rescue operations during emergencies.
    2. National Cyclone Risk Mitigation Project to construct 100 multipurpose cyclone shelters in collaboration with IMF and Japan.
    3. Five emergency response centers to be constructed at Rajkot, Surat, Vadodara, Gandhidham and Gandhinagar.
    (A) Only 1 and 2 (B) Only 2 and 3 (C) Only 1 and 3 (D) 1, 2 and 3

37. What is the Liquidity Adjustment Facility Corridor in India?
    (A) The Difference between CRR and SLR
    (B) The Difference between Bank rate and Repo rate
    (C) The Difference between Repo rate and Reverse Repo rate
    (D) The difference between Bank rate and Call Money Market rate

38. Which of the following includes the correct Indicators of the Economic Development?
    1. Real Gross Domestic Product
    2. Real per Capita Income
    3. Unemployment
    4. Poverty
    5. Human Development Index
    (A) Only 1 , 2 and 3
    (B) Only 2, 4 and 5
    (C) Only 1, 2 and 5
    (D) Only 3 and 4

39. A systematic record in the form of double entry book keeping balance sheet comprising all economic transactions between one country and rest of the world during any given period time is called as ………………………
    (A) Deficit of trade
    (B) Terms of Trade
    (C) Balance of trade
    (D) Balance of Payments

M

40. જાહેર આવક અને જાહેર દેવા સહિતનો જાહેરખર્ચ, ઓછો ફુગાવો અને ઓછી બેરોજગારી સાથે સામાજિક, આર્થિક અને ટકાઉ વિકાસ પામવા માટેની ..................... સૂચવે છે.
(A) રાજવિત્તીય નીતિ (Fiscal Policy)
(B) રોકાણ નીતિ (Investment policy)
(C) વિત્ત નીતિ (Monetary Policy)
(D) કર નીતિ (Taxation Policy)

41. ભારતમાં નીચેનાં પૈકી કયાં સામાજિક માળખાંનાં ભાગ છે?
૧. પરિવહન ૨. આવાસ
૩. આરોગ્ય, સ્વચ્છતા ૪. ઊર્જા
૫. શિક્ષણ
(A) ફક્ત ૨, ૩ અને ૫
(B) ફક્ત ૧, ૨ અને ૪
(C) ફક્ત ૧ અને ૩
(D) ફક્ત ૧, ૨, ૩ અને ૫

42. SEZsને નીચેના પૈકી કયા કરશુલ્કમાંથી મુક્તિ નથી?
(A) સ્ટેમ્પ ડ્યુટી
(B) ન્યૂનતમ વૈકલ્પિક કર
(C) વિદ્યુત શુલ્ક
(D) ઉપરના પૈકી કોઈ નહીં

43. નીચેના પૈકી કયો ફુગાવાનો દર અંત ઉપભોક્તા વર્તણૂકને સીધી અસર કરે છે?
(A) થોકમૂલ્ય સૂચકાંક
(B) ઉપભોક્તા મૂલ્ય સૂચકાંક
(C) બંને A અને B
(D) ઉપરના પૈકી કોઈ નહીં

44. ભારતની માથાદીઠ આવકની તુલનામાં, હાલના ભાવ પ્રમાણે ગુજરાતની માથાદીઠ આવક, વર્તમાન ભાવ મુજબ .... છે.
(A) નીચી
(B) ઊંચી
(C) સમાન
(D) ઉપરના પૈકી કોઈ નહીં

45. ભારતીય મુદ્રા પ્રણાલિ નીચેની પૈકી કઈ પધ્ધતિ ઉપર આધારિત છે?
(A) સર્વણ પ્રારક્ષણ પધ્ધતિ
(B) લઘુત્તમ પ્રારક્ષણ પધ્ધતિ
(C) પ્રમાણસર પ્રારક્ષણ પધ્ધતિ
(D) ચલમુદ્રા પધ્ધતિ

46. શબ્દગુચ્છ - 'શૂન્ય દોષ શૂન્ય પ્રભાવ' (Zero Defect and Zero Effect) નીચેની પૈકી કઈ ઝુંબેશ સાથે સંલગ્ન છે?
(A) અટલ નવોન્મેષ અભિયાન (Atal Innovation Mission)
(B) અભિમન્ત્રણમ ભારત (Start-up India)
(C) ઉત્થાપય ભારત (Stand up India)
(D) ભારતમાં બનાવો – આવિષ્કારક નિર્માતા (Make in India)

47. નીચેના પૈકી કોને આમ આદમી યોજના સામાજિક સુરક્ષા પૂરી પાડે છે?
(A) ગ્રામીણ વિસ્તારોના તમામ મજૂરો
(B) શહેરી વિસ્તારોના તમામ મજૂરો
(C) ઓળખાયેલ વ્યવસાયિક જૂથો | ગ્રામીણ જમીનવિહોણા પરિવારો (household)ના વ્યક્તિઓ કે જેમની ઉંમર ૧૮ વર્ષથી ૫૯ વર્ષની વચ્ચે છે
(D) ગ્રામીણ અને શહેરી બંને વિસ્તારોમાં રહેતા તમામ મજૂરો

48. પ્રોવિડન્ડ ફંડ અને નાની બચત દ્વારા એકત્રિત કરાયેલ ભંડોળ સરકારના કયાં ભંડોળનો ભાગ છે?
(A) આકસ્મિક ભંડોળ
(B) એકીકૃત ભંડોળ
(C) પ્રારક્ષિત | અનામત ભંડોળ
(D) જાહેરખાતા ભંડોળ

49. નીચેનાં પૈકી કયાં પાંચ રાજ્યોએ વર્ષ ૨૦૧૭-૧૮માં નિકાસનો ૭૦ ટકા હિસ્સો આલેખ્યો છે?
(A) ગુજરાત, કર્ણાટક, તામિલનાડુ, કેરળ અને મહારાષ્ટ્ર
(B) ગુજરાત, કર્ણાટક, તામિલનાડુ, તેલંગાણા અને મહારાષ્ટ્ર
(C) ગુજરાત, કર્ણાટક, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર અને પંજાબ
(D) ગુજરાત, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, કર્ણાટક અને કેરળ

40. The Public Revenue and Public Expenditure, including public debt, are designed to achieve social economic and sustainable economic development with low inflation and lower unemployment is denoted by ................................

(A) Fiscal Policy (B) Investment Policy
(C) Monetary Policy (D) Taxation Policy

41. Which of the following are the parts of the Social Infrastructure in India?

1. Transport 2. Housing
3. Health, Sanitation 4. Energy
5. Education

(A) Only 2, 3 and 5 (B) Only 1, 2 and 4
(C) Only 1 and 3 (D) Only 1, 2, 3 and 5

42. SEZs are not exempted from which of the following taxes?

(A) Stamp Duty (B) Minimum Alternative Tax
(C) Electricity Duty (D) None of the above

43. Which of the following rate of inflation directly affects the end-consumer behavior?

(A) Wholesale price Index (B) Consumer price Index
(C) Both A and B (D) None of the above

44. Per Capita income of Gujarat at current prices, in comparison to per capita income of India, at current prices is ............................

(A) Lower (B) Higher (C) Equal (D) None of the above

45. The Indian monetary system is based on which of the following methods?

(A) Fixed Fiduciary System (B) Minimum Reserve System
(C) Proportional Reserve System (D) Maximum Fiduciary System

46. The Phrase - 'Zero Defect and Zero Effect' is associated with the campaign -

(A) Atal Innovation Mission (B) Startup India
(C) Standup India (D) Make in India

47. To whom of the following does the *Aam Admi Yojana* provide social security?

(A) All labourers in the rural areas
(B) All labourers in the urban areas
(C) Persons between the age group of 18 years and 59 years under 48 identified vocational/ occupational groups/rural landless households
(D) All labourers living in both urban and rural areas

48. Funds collected through provident fund and small savings are part of which funds of the Government?

(A) Contingency Fund (B) Consolidated Fund
(C) Reserve Fund (D) Public Account Fund

49. From the following which of the five States together accounted for 70% exports of India in 2017-18?

(A) Gujarat, Karnataka, Tamil Nadu, Kerala and Maharashtra
(B) Gujarat, Karnataka, Tamil Nadu, Telangana and Maharashtra
(C) Gujarat, Karnataka, Andhra Pradesh, Maharashtra and Punjab
(D) Gujarat, Maharashtra, West Bengal, Karnataka and Kerala

**M**

50. ૨૦૧૮-૧૯ના અંદાજપત્ર પ્રવચનમાં ભારતના નાણામંત્રીએ ‘ઓપરેશન ગ્રીન’નો સંદર્ભ લીધો. ‘ઓપરેશન ગ્રીન’ સંજ્ઞા ........................ નો સમાવેશ કરે છે.
(A) ટામેટા, ડુંગળી અને બટાકા
(B) ટામેટા, ઘઉં અને ડાંગર
(C) ધાણાં, ડાંગર અને લીલા ચણાં
(D) સફરજન, પપૈયા અને કેરી

51. નીચેના પૈકી કયો ગ્રહ સૂર્યની આસપાસ પશ્ચિમથી પૂર્વ તરફ ભ્રમણ કરતો નથી?
(A) બુધ
(B) મંગળ
(C) ગુરૂ
(D) શુક્ર

52. ............ માંથી સૂર્યાસ્ત પછી પણ વાતાવરણ ગરમી પ્રાપ્ત કરે છે.
(A) પાર્થિવ કિરણપાત
(B) અદૃશ્ય સૌર કિરણપાત
(C) આંતરિક ઉષ્મા
(D) પ્રકાશાનુપાત અસર

53. નીચેના પૈકી કયાં પ્રકારનાં જંગલોમાં સૌથી વધુ પ્રજાતિઓની વિવિધતા જોવા મળે છે?
(A) સમશીતોષ્ણ જંગલો
(B) ઉષ્ણકટિબંધીય જંગલો
(C) સમશીતોષ્ણ પાનખરનાં જંગલો
(D) સમશીતોષ્ણ ઘાસનાં મેદાનો

54. સૌથી વધુ સંખ્યામાં ભારતીય ટાપુઓ ............ માં આવેલા છે.
(A) બંગાળની ખાડી
(B) અરબી સમુદ્ર
(C) મન્નારનો અખાત
(D) સેંથિલ સમુદ્ર

55. મહાન સંસ્કૃતિઓ ગ્રીક અને રોમનનો વિકાસ .................... માં થયો.
(A) સવાના વિસ્તાર
(B) સમશીતોષ્ણ વિસ્તાર
(C) ભૂમધ્ય વિસ્તાર
(D) ઉષ્ણકટિબંધ વિસ્તાર

56. ગુજરાત માટે ૨૦૧૧ની વસ્તીગણતરીના સંદર્ભે નીચે આપેલાં વિધાનોમાંથી કયું(યાં) વિધાન(નો) ખરું(રાં) છે?
૧. વર્ષ ૧૯૦૧થી ૨૦૧૧ દરમ્યાનના સમયગાળામાં વસ્તીવૃધ્ધિ દર ૫૬૪% છે.
૨. સૌથી નીચો જાતિ ગુણોત્તર તાપી જિલ્લામાં જોવા મળ્યો.
૩. સાક્ષરતા દરમાં પ્રથમ પાંચમાં આણંદ અને સુરત જિલ્લાઓ હતાં.
(A) ફક્ત ૧
(B) ફક્ત ૨
(C) ફક્ત ૧ અને ૩
(D) ફક્ત ૨ અને ૩

57. લક્ષદ્વીપ સંદર્ભે નીચે આપેલાં વિધાનોમાંથી કયાં વિધાનો ખરાં છે?
૧. ઈલેવન ડિગ્રી ચેનલ ઉત્તરમાં એમીનડીવી ટાપુ અને દક્ષિણમાં કનિનોર ટાપુઓને અલગ કરે છે.
૨. લક્ષદ્વીપ ટાપુઓનો સમૂહ ભૂગર્ભિક મૂળનો છે.
૩. લક્ષદ્વીપ ટાપુઓના સમૂહમાં મિનિકોય સૌથી મોટો ટાપુ છે.
(A) ફક્ત ૧ અને ૨
(B) ફક્ત ૨ અને ૩
(C) ફક્ત ૧ અને ૩
(D) ૧, ૨ અને ૩

58. દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાનો સંદર્ભે નીચે આપેલાં વિધાનોમાંથી કયું(યાં) વિધાન(નો) ખરું(રાં) છે?
૧. કચ્છના અખાતમાં દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાન અખાતના દક્ષિણ કિનારે ગુજરાતના દેવભૂમિ દ્વારકા જિલ્લા પાસે છે અને તે ભારતનું પહેલું રાષ્ટ્રીય દરિયાઈ ઉદ્યાન છે.
૨. ગહિરમાથાએ ઓરિસ્સાનું પ્રથમ અને એક માત્ર રાષ્ટ્રીય દરિયાઈ અભ્યારણ છે કે જ્યાં મોટી સંખ્યામાં ઓલિવ રિડલી સમુદ્રી કાચબા સ્થાળાંતર કરે છે.
(A) ફક્ત ૧
(B) ફક્ત ૨
(C) બંને ૧ અને ૨
(D) ઉપરના પૈકી કોઈ નહીં

59. હિમાલયની જળપરિવાહ ગોઠવણ-પ્રથાનો વિકાસ લાંબા ભૂસ્તરીય ઇતિહાસનું પરિણામ છે. આ નદીઓ પ્રવાહનાં વહેણ દરમ્યાન વિવિધ ઘસારણ તેમજ નિક્ષેપણની સંરચનાઓ માટે જવાબદાર છે. હિમાલયની નદીઓની નિક્ષેપણ ક્રિયાનું નીચેનાં પૈકી કયું(યાં) પરિણામ(મો) છે?
૧. નદીની પગથીઓ
૨. ગોખુર|નળાકાર સરોવરો
૩. ગુંફિત જળમાર્ગો
૪. પંખાકાર મેદાનો
૫. પ્રાકૃતિક તટબંધ
(A) ફક્ત ૧, ૪ અને ૫
(B) ફક્ત ૧ અને ૪
(C) ફક્ત ૨, ૩, ૪ અને ૫
(D) ફક્ત ૨, ૩ અને ૪

50. In Budget speech of 2018-19, The Finance Minister referred to 'Operation Green'. This term includes:
(A) Tomato, Onion and Potatoes (B) Tomato, Wheat and Paddy
(C) Coriander, Paddy and Green gram (D) Apples, Papaya and Mangoes

51. Which one of the following planets doesn't go around Sun from west to east?
(A) Mercury (B) Mars (C) Jupiter (D) Venus

52. Some heat is received by atmosphere even after sunset from ...........................
(A) Terrestrial radiation (B) Invisible solar radiation
(C) Latent heat (D) Albedo effect

53. Among the following types of forest, which has the highest species diversity?
(A) Temperate forests (B) Tropical forests
(C) Temperate deciduous forests (D) Temperate grass lands

54. Maximum number of Indian islands are located in..............
(A) Bay of Bengal (B) Arabian Sea (C) Gulf of Mannar (D) Senthil Sea

55. The mighty civilizations of Roman and Greek flourished in ................
(A) Savanna Region (B) Temperate Region
(C) Mediterranean Region (D) Equatorial Region

56. Which of the following statements regarding 2011 census for Gujarat is(are) correct?
1. The growth rate of population during the period from 1901 to 2011 is 564%.
2. The lowest sex ratio was observed in Tapi District.
3. Anand and Surat were the districts in top five in terms of literacy rate.
(A) Only 1 (B) Only 2 (C) Only 1 and 3 (D) Only 2 and 3

57. Consider the following statements related to Lakshadweep islands and choose the correct ones:
1. The Eleven Degree channel separates the Amindivi Island in the north and Cannannore Islands in the south.
2. Lakshadweep group of islands are of tectonic origin.
3. Minicoy is the largest island in the Lakshadweep group of islands.
(A) Only 1 and 2 (B) Only 2 and 3 (C) Only 1 and 3 (D) 1, 2 and 3

58. Which of the following statement(s) is(are) correct with reference to Marine National Parks?
1. Marine National Park in Gulf of Kutch is situated on the southern shore of the Gulf in the Devbhumi Dwaraka District of Gujarat and it is the first National Marine Park of India.
2. Gahirmatha is the first and the only Marine Sanctuary of Orissa, where Olive Ridely sea turtles migrate in huge numbers.
(A) Only 1 (B) Only 2 (C) Both 1 and 2 (D) Neither 1 nor 2

59. The Himalayan drainage system has evolved through a long geological history. These rivers are responsible for different erosional as well as depositional structures during their course.
Which of the following are results of depositional activity of the Himalayan Rivers?
1. River Terraces 2. Ox-bow lakes
3. Braided channels 4. Alluvial Fans
5. Natural Levees
(A) Only 1, 4 and 5 (B) Only 1 and 4
(C) Only 2, 3, 4 and 5 (D) Only 2, 3 and 4

**M**

60. પશ્ચિમી ઘાટ સંદર્ભે નીચે આપેલાં વિધાનોમાંથી કયું(યાં) વિધાન(નો) ખરું(રાં) છે?
   ૧. પશ્ચિમ ઘાટ ભારતના પશ્ચિમ કિનારે ચોમાસાના વરસાદનું મુખ્ય કારણ છે.
   ૨. પશ્ચિમ ઘાટને તામિલનાડુમાં સહ્યાદ્રિ અને તેલંગાણામાં નિલગીરી પર્વતો તરીકે ઓળખવામાં આવે છે.
   ૩. પશ્ચિમ ઘાટની ઊંચાઈ ઉત્તરથી દક્ષિણ તરફ ઘટે છે.
   (A) ફક્ત ૧ (B) ફક્ત ૧ અને ૨ (C) ફક્ત ૨ અને ૩ (D) ફક્ત ૨

61. ................. ઉપગ્રહો ધરાવતા નથી.
   ૧. બુધ અને શુક્ર ૨. પૃથ્વી અને મંગળ
   ૩. ગુરૂ અને શનિ ૪. યુરેનસ અને નેપ્ચ્યુન
   (A) ફક્ત ૧ (B) ફક્ત ૧ અને ૨
   (C) ફક્ત ૨ અને ૩ (D) ફક્ત ૨, ૩ અને ૪

62. આંધ્રપ્રદેશ, કર્ણાટક, કેરળ, તામિલનાડુ અને તેલંગાણા – આ પાંચ દક્ષિણનાં રાજ્યો પૈકી કયું(યાં) રાજ્ય(યો) ભારતનાં સૌથી વધુ રાજ્યો સાથે સીમા ધરાવે છે?
   (A) ફક્ત તેલંગાણા (B) ફક્ત કર્ણાટક
   (C) આંધ્રપ્રદેશ અને તેલંગાણા (D) તામિલનાડુ અને કેરળ

63. કોઈપણ વિસ્તારના ચોખ્ખા વાવેતર વિસ્તાર (NSA)ના સંદર્ભે નીચે આપેલાં વિધાનોમાંથી કયું(યાં) વિધાન(નો) ખરું(રાં) છે?
   ૧. ચોખ્ખા વાવેતર વિસ્તાર અને એકથી વધુ વાર વાવેતર થયેલ હોય એવા વિસ્તારને કુલ વાવેતર વિસ્તાર કહેવામાં આવે છે.
   ૨. કુલ જમીન વિસ્તાર કે જેમાં પાક ઉગાડવામાં આવે છે તેને ચોખ્ખો વાવેતર વિસ્તાર કહેવામાં આવે છે.
   ૩. ભારતમાં અહેવાલિત કુલ વિસ્તારનો લગભગ ૪૭% વિસ્તાર ચોખ્ખો વાવેતર વિસ્તાર છે.
   (A) ફક્ત ૧ (B) ફક્ત ૧ અને ૨ (C) ફક્ત ૨ અને ૩ (D) ૧, ૨ અને ૩

64. ૪૫° પૂર્વ રેખાંશ ધરાવતું એક 'A' સ્થળ છે. ૭૫° પૂર્વ રેખાંશ ધરાવતું અન્ય 'B' સ્થળ છે. જો 'A' નો સ્થાનિક સમય ૧૧૦૦ કલાક હોય તો 'B'નો સ્થાનિક સમય શું હશે?
   (A) ૧૨૦૦ કલાક (Hrs) (B) ૧૩૦૦ કલાક (Hrs)
   (C) ૧૦૦૦ કલાક (Hrs) (D) ૧૨૨૦ કલાક (Hrs)

65. આંદામાન ટાપુની મોટાભાગની આદિજાતિ વસ્તી ............ છે.
   (A) ઓસ્ટ્રેલોઈડ વંશ (B) કોકેસોઈડ વંશ (C) મૉંગોલોઈડ વંશ (D) નેગ્રીટો વંશ

66. પૃથ્વીમાં ખડકો સંદર્ભે નીચે આપેલાં વિધાનોમાંથી કયું(યાં) વિધાન(નો) ખરું(રાં) છે?
   ૧. ખડકોને સામાન્ય રીતે અગ્નિકૃત ખડકો, પ્રસ્તર ખડકો અને વિકૃત ખડકોમાં વિભાજિત કરવામાં આવે છે.
   ૨. અગ્નિકૃત ખડકો પૃથ્વીના પોપડાની નીચે મળી આવેલા ગરમ અને પીગળેલા મેગ્માના ઠારણ, ઘનીકરણ અને સ્ફટિકીકરણ દ્વારા રચાય છે.
   ૩. ઉષ્ણતામાન, દબાણ અને રાસાયણિક સક્રિય દ્રાવણના પ્રભાવ હેઠળ પૂર્વ અસ્તિત્વમાં રહેલા ખડકોમાં ફેરફારો દ્વારા પ્રસ્તર ખડકોની રચના થાય છે.
   (A) ફક્ત ૧ અને ૨ (B) ફક્ત ૨ અને ૩ (C) ફક્ત ૩ (D) ફક્ત ૨

67. ભારતમાં જંગલો વિશેનાં નીચે આપેલાં વિધાનોમાંથી કયાં વિધાનો ખરાં છે?
   ૧. ભારતના ઉષ્ણકટિબંધીય નિત્યલીલા જંગલોના મુખ્ય વિસ્તારોમાં પશ્ચિમ ઘાટ, શિલોંગના ઉચ્ચ પ્રદેશ, આંદામાન અને નિકોબાર ટાપુઓ અને લક્ષદ્વીપ છે.
   ૨. ઉષ્ણકટિબંધીય પાનખર જંગલોમાં મુખ્ય વૃક્ષો, સાગ, સાલ, આંબો, વાંસ અને ચંદન છે.
   ૩. ઉષ્ણકટિબંધીય સદાબહાર જંગલોને પાવસ જંગલો પણ કહેવામાં આવે છે.
   ૪. ૧૯૮૮ની રાષ્ટ્રીય વનનીતિએ કુલ ભૌગોલિક વિસ્તારમાં ૩૩% વન/વૃક્ષ આવરણ હેઠળ રાખવાની ભલામણ કરી.
   (A) ફક્ત ૧, ૨ અને ૩ (B) ફક્ત ૧, ૨ અને ૪
   (C) ફક્ત ૨, ૩ અને ૪ (D) ફક્ત ૨, ૩

60. Which of the following statement(s) is(are) correct in relation to Western Ghats?
    1. The Western Ghats are the main reason for the monsoon rain in the western coast of India.
    2. Western Ghats are locally known as Sahyadri in Tamil Nadu and Nilgiri hills in Telangana.
    3. Heights of the Western Ghats decrease from north to south.

    (A) Only 1 (B) Only 1 and 2 (C) Only 2 and 3 (D) Only 2

61. _________________ have no natural satellites
    1. Mercury and Venus
    2. Earth and Mars
    3. Jupiter and Saturn
    4. Uranus and Neptune

    (A) Only 1 (B) Only 1 and 2 (C) Only 2 and 3 (D) Only 2, 3 and 4

62. Out of the five southern States: Andhra Pradesh, Karnataka, Kerala, Tamil Nadu and Telangana, which state shares boundaries with the maximum number of Indian States?

    (A) Telangana only
    (B) Karnataka only
    (C) Andhra Pradesh and Telangana
    (D) Tamil Nadu and Kerala

63. Which of the following statement(s) is(are) correct with reference to the *Net Sown Area* (NSA) of any region?
    1. The net sown area and the area sown more than once together are called gross cultivated area.
    2. The total land area on which crops are grown in a region is called net sown area.
    3. In India, about 47% of total reporting area is under the net sown area.

    (A) Only 1 (B) Only 1 and 2 (C) Only 2 and 3 (D) 1, 2 and 3

64. There is a place 'A' with longitude 45° east. There is another place 'B' with longitude 75° east. If local time at place 'A' is 1100 Hrs, what would be local time at Place 'B'?

    (A) 1200 Hrs (B) 1300 Hrs (C) 1000 Hrs (D) 1220 Hrs

65. The tribal population in Andaman island largely belongs to the ……………………..

    (A) Australoid race
    (B) Caucasoid race
    (C) Mongoloid race
    (D) Negrito race

66. Which of the following statement(s) is(are) correct about the rocks in the Earth?
